# વૈધિક શિક્ષણ અને મહત્ત્વાકાંક્ષામાં ખોવાતી જિંદગી!

**શિક્ષણ સૂત્ર**
ડો. વિજય મનુ પટેલ


સર્જનનો આનંદ સૌથી વિશેષ તેના સર્જકને જ હોય, પછી તેના કામ સાથે સંકળાયેલા અન્ય લોકોને હોય. આવું સર્જન એ ઘણા બધા લોકોને ગમી જાય તો આ લોકોનો આનંદ બેવડાઈ જતો હોય છે. શાળા-કોલેજના આજના યુવાનનોને ભણવાનું ગમતું નથી એવું સાંભળવા મળે છે, પણ તેનો મતલબ એવો નથી કે તેઓ શીખવાની પ્રક્રિયામાંથી બહાર નીકળી રહ્યાં છે. યુનિવર્સિટીઝના યુથ ફેસ્ટિવલ્સ, શાળાના વાર્ષિકોત્સવો કે સામાજિક-શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા આયોજિત વિવિધ ઈવેન્ટસનું અવલોકન કરો તો જણાશે કે તેમાં આ યુવાનો પોતાની ક્ષમતાઓનો પરિચય આપી રહ્યાં છે.

શૈક્ષણિક પ્રક્રિયા અને સંકલ્પનાઓ હવે બદલવાની જરૂર છે. વર્ષો જૂની વ્યવસ્થા પરિવર્તન ઝંખે છે. વિદ્યાર્થીઓને પાઠ્યપુસ્તકોના લખાણ વાંચવા, લખવા કે ગોખવાની ફરજ પડે એ ગમતું નથી. તેઓ આવી પરંપરાગત પેટર્નમાંથી બહાર નીકળીને કશુંક નવું ઝંખે છે. આવું અનુમાન એટલે કરી શકાય છે કે પ્રોક્સી તાસમાં જનારા શિક્ષકો પાસે આ લોકો વર્ગખંડની બહારની પ્રવૃત્તિઓ જ માંગે છે! તમારા બીજા વિષયનું કામ કરો કે વિષયમાં આગળ ભણીએ એવા આદેશો આ લોકોને જરાય પસંદ નથી હોતા!

આવા સંજોગોમાં શાળા-કોલેજો સિવાયના સમયમાં યુવક-યુવતીઓ પોતાને ગમતાં ક્ષેત્રમાં પોતાની ક્ષમતાનો પરિચય આપવા ઉત્સુક રહે છે. ફોટોગ્રાફીની લગનવાળા વિદ્યાથીઓ ફોટો ફેસ્ટ કે નેચર ફોટોગ્રાફી તરફ વળે. ગીત-સંગીત અને અભિનયના ક્રેઝી વિદ્યાર્થીઓ શહેર કે બહાર આયોજિત થતી સ્પર્ધાઓ તરફ વળે છે. બીજાઓ કરતાં કશુંક વિશિષ્ટ (કે જુદું) કરવાની ચાનક એક નવા પડાવ તરફ લઈ જાય છે. આવું એક રીતે સારું છે કેમ કે આવા કામથી વ્યક્તિની આંતરપ્રતિભા તેને અન્ય નકામા કામોના દૂષણથી બચાવે છે.

પરંતુ કોઈ યુવક કે યુવતી પોતાના આવા ઉન્માદી શોખ કે પ્રવૃત્તિ તરફ વળે છે ત્યારે ઘરના લોકોને સૌથી વધુ ચિંતા થતી હોય છે. તેઓ માત્ર સંતાનના શૈક્ષણિક દેખાવને બગડી જવાના ભયસ્થાન તરીક જોતાં હોય છે. ત્યાર પછી શાળાના અને કોચિંગ ક્લાસના શિક્ષકોને ફિકર થતી હોય છે. તેઓને પોતાના વિદ્યાર્થીના વિષયનું પરિણામ બગડવાનો ભય હોય છે! આ સ્થિતિ શાળા-કોલેજના યુવક-યુવતીઓ માટે ભારે તણાવગ્રસ્ત બને છે. એક તરફ વૈધિક શિક્ષણના દેખાવને સુધારવાની સતત રોકટોક અને બીજી તરફ પોતાને ગમતાં ક્ષેત્રમાં શિરમોર થવા માટે સ્વયંની ઊછળતી લાલસા.

આવા વિષય વસ્તુ સાથે સુરત સ્થિત અઢાર વર્ષના મોનાક્ષ કાનીરકરે પોતાના શોખને 'ડિઝાયર' ફિલ્મ દ્વારા રજૂ કર્યો છે. આમ તો આ એક કલાકની શોર્ટ ફિલ્મ છે, જે માત્ર શીખવાના પ્રયોગાત્મક પ્રયત્નોનું પરિણામ છે. એટલે તકનીકી અને કોમર્શીયલ દ્રષ્ટિકોણથી ન જોઈએ તો પણ તેણે જે વિષયવસ્તુ પસંદ કર્યું છે તે આવી કશ્મકશનું દ્યોતક છે. વિદ્યાર્થી ગૌરવને ક્રિકેટર થવાની તીવ્ર ઝંખના છે, પરંતુ તેના પિતાજી આ માટે જરાય તૈયાર નથી. તેમને તો પોતાના પુત્રમાં એક ઍન્જિનિયર સિવાય કશું જ દેખાતું નથી.




વારંવાર ક્રિકેટમાં જવાની પ્રવૃત્તિ અને તેના કોચની પ્રેરણા, ગૌરવમાં એક નવો વિશ્વાસ પ્રગટાવતી હતી, પરંતુ જેવો ઘરમાં પ્રવેશ થાય અને પિતાની નજર મળે એટલે સંઘર્ષમય મનોદશામાં સરી પડે. આ કશ્મકશ ફિલ્મને એક અણધાર્યા અંત તરફ લઈ જાય છે, જે વાલીઓ અને સમાજ સામે એક પ્રશ્નાર્થ મૂકી જાય છે.

મા-બાપ કે વાલીઓ પોતાના સંતાનને જે જોઈએ છે અથવા તેમને જે પામવું છે તે આપવા ઉત્સાહી નથી હોતા તેનું કારણ સંતાનની ક્ષમતાને ઓળખવામા તેઓ ઊણા ઉતર્યા હોય છે તે હોય છે. મોટા ભાગના વાલીઓ માત્ર શાળા કે કોલેજના વૈધિક શિક્ષણને જ જીવનની સફળતાનો એકમાત્ર માપદંડ માને છે. અને તેથી તે સિવાયની પ્રવૃત્તિને પ્રોત્સાહિત કરવામાં તેઓ કોઈ રીતે સંતાનનું શ્રેય જોતાં નથી. ઘણીવખત સંતાન કરતાં પોતે વધુ દિવાળીઓ જોઈ હોવાનો અહંકાર તેઓને એકતરફી નિર્ણય તરફ લઈ જાય છે. પોતે જ સૌથી સારો ન્યાય તોળી શકે છે એવી આત્મશ્લાઘાને લીધે તેઓ પોતાના સંતાનને એક નિશ્ચિત ઘેરડામાં નાંખી દે છે. અહીંથી જ સંઘર્ષના મૂળ મજબુત બનતા જાય છે જે ઉપરની ફિલ્મમાં આબેહૂબ દેખાય છે.

વળી, સ્પર્ધાત્મક યુગમાં દરેક વાલીઓ પોતાના સંતાનની કાબેલિયત પર એટલે પણ ભરોસો નથી મૂકી શકતા કે નિષ્ફળતા પછી એ પોતાની મહાત્ત્વાકાંક્ષા છોડીને પોતે (વડીલોએ) બતાવેલા માર્ગ પર પુનઃ જોડાઈ જશે. સામે પક્ષે યુવાનો પાસે રહેલી ઊર્જા અને દૂરંદેશીપણાનું કોઈ માપન થઈ શકતું નથી તેથી તેઓની ક્ષમતાની સાચી ઓળખ થઈ શકતી નથી. શાળા કોલેજના શિક્ષકો કોઈક વિદ્યાર્થીમાં ભવિષ્યનું સર્વોચ્ચ દર્શન જુએ છે પણ સમગ્ર ઘર જોતું નથી ત્યારે સંઘર્ષની શરૂઆત થાય છે એમ સમજો!

**જ્યારે શાળા કોલેજના શિક્ષકો કોઇક વિદ્યાર્થીમાં ભવિષ્યનું સર્વોચ્ચ દર્શન જુએ છે, પણ તેનું સમગ્ર ઘર આવું જોતું નથી ત્યારે સંઘર્ષની શરૂઆત થાય છે એમ સમજો!**

ડિઝાયર ફિલ્મનું મૂળ વિષયવસ્તુ આ જ છે. એક સામાન્ય પરિવારના સામાન્ય સંતાન પર પિતા બહુ મોટી અપેક્ષા બાંધે છે. શાળાના આચાર્ય પણ ભણવાની જ પ્રવૃત્તિને વધુ મહત્ત્વની ગણે છે. બીજી તરફ ઉત્તમ ક્રિકેટરની ક્ષમતા નિહાળી ચૂકેલા તેના કોચ અને પસંદગીકારો 'ભવિષ્યના ક્રિકેટર' તરીકેની મોટી આશા તેનામાં જુએ છે અને આવા ખેલાડીને ઘુમાવવા માટે તેઓ જરાયે તૈયાર નથી. એક તરફ ઍન્જિનિયર અને બેજી તરફ ઉત્તમ ક્રિકેટર તરીકે પ્રસ્થાપિત થયેલો એ વિદ્યાર્થી (સંતાન) અસાધારણ ભીંસ અનુભવે છે.

શિક્ષણ જગતના સૌ કોઈએ મંથન કરવા જેવો વિષય આ ફિલ્મે આપ્યો છે મોનાક્ષ અને તેની સમગ્ર ટીમને એ માટે અભિનંદન. હા, વધુ સારી ફિલ્મ બનાવવા માટે બીજા ઘણા પાસા પર તેણે અને કલાકારોએ મંથન કરવાની જરૂર છે, પણ હમણાં આપણે બધા વાચકો તો તેણે સર્જેલા વિષાદ પર મંથન કરીએ. આ ફિલ્મ યુ ટ્યુબ પર ઉપલબ્ધ છે, એ જોયા પછી મંથન કરજો, ખરું?!

Scanned by CamScanner

रूआत भी कर
नपा की सभी
हैं। हालांकि यह
पा सेवाएं तक

है। जनवरी 2017 में बैंक के साथ मनपा की मिटींग कर विविध मुद्दों पर चर्चा की जाती। शहर के लोग अब मनपा के साथ को-ब्रान्डेड बैंक वाला ओपन लूप कार्ड यानि एस मनी


होगा। महत्व का
विविध कंपनी
मिलेगा और
केशलेश होगी।

# 18 वर्षीय विद्यार्थी ने बनायी जीरो बजट फिल्म

**संवाददाता सूरत**

सूरत शहर के मोनाक्ष एन कानीरकरे 16 वर्ष कि उम्र में द राइसिंग सन नामक फिल्म बनाने के बाद एक बार फिर 18 वर्ष कि उम्र में सोशल मैसेज आधारित गुजराती फिल्म द डिज़ायर बने हैं फिल्म की खास बात यह है कि फिल्म जीरो बजट है और इसमें हॉलीवुड म्यूज़िक ट्रैक का प्रयोग किया गया है वो भी नि:शुल्क।

के पी कॉमर्स में पढ़ने वाले 18 वर्षीय मोनाक्ष ने गुजराती फिल्म डिज़ायर बनायी है। इस फिल्म का बजट जीरो बताया गया है। फिल्म को शूट करने के लिए लालभाई कॉन्ट्रैक्टर स्टेडियम, बाप्स हॉस्पिटल, भूलका भवन विद्यालय और डॉ विजय पटेल के साथ ही राहुल भाई का घर बिना शुक्ल के उपलब्ध कराया गया। जहाँ एक तरफ फिल्म की पटकथा से लेकर एडिटिंग तक मोनाक्ष ने ही किया वहीं दूसरी तरफ फिल्म में डॉ विजय पटेल,




महाराद्र भाई शर्मा, यात्री सरिया के अतिरिक्त कई लोगों ने महत्वपूर्ण भूमिका नि:शुल्क निभाई है। फिल्म कि सबसे खास बात यह है कि फिल्म में हैरी पोर्टर फिल्म के म्यूजिशियन और इटली के म्यूजिशियन कि म्यूज़िक ट्रैक को नि:शुल्क प्रयोग करने कि अनुमति मिली थी। फिल्म एक विद्यार्थी पर आधारित है जो क्रिकेटर बनना चाहता है किन्तु अभिभावकों के रूढ़िवादी विचार के तले खुद को बेबस महसूस करता है। फिल्म समाज की रूढ़िवादी धारणाओं पर प्रहार करने के उद्येश्य से बनाया गया है।

---

इसमें राज्यसभा की कार्यवाही को लेकर जानबूझकर भ्रम भी पैदा किया गया है।

## सोपोर में ब्लास्ट,...

## अहमदाबाद समेत देश...

किया था। इसके बाद इलेक्ट्रिक बसों की खरीदारी के लिए 44 शहरों से प्रस्ताव भेजे गए थे। मगर एक राज्य



...જાર સ્થિત ગાંધી પ્રતિમા સમક્ષ ધરણા (તસવીર : મીતેશ બંગડીવાલા)

# ...ી થતી કોશન મનીનો ... હેતુ માટે ઉપયોગ

### ...સમયે પરત કરવાની રહેશે : શિક્ષણ બોર્ડ

...વિદ્યાર્થી શાળા છોડે કે અભ્યાસ પૂર્ણ કરે ત્યારે શાળા છોડ્યાના પ્રમાણપત્ર સાથે કોશન મની પણ પરત કરવાની રહેશે.

જે વિદ્યાર્થીઓ શાળા છોડી દીધેલ છે અને તેઓની જમા કોશન મની વિદ્યાર્થીને ૩૦ દિવસમાં પરત કરવા સૂચના આપવામાં આવી છે અને આ સંબંધે જિલ્લા શિક્ષણાધિકારી કે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીને જાણ...

# ઉધના ભીડભંજન ચાર રસ્તા પાસે અકસ્માતમાં સેલ્સમેનનું મોત

### પાંડેસરાનો રાહુલ રઘુકુળ માર્કેટથી બાઈક લઈ ઘરે જતા અકસ્માતમાં મોતને ભેટ્યો હતો

સુરત, તા.૦૬

ઉધનાના ભીડ ભંજન ચારરસ્તા પાસે આઈસર ટ્રેલર સાથે અકસ્માતમાં પાંડેસરાના યુવકનું મોત થયું હતું. સેલ્સમેન યુવક રિંગરોડની રઘુકુળ માર્કેટમાં પોતાનું કામ પતાવી ઘરે જતી વેળા અકસ્માતમાં મોતને ભેટ્યો હતો.

પાંડેસરા વિસ્તારમાં આવેલ ગોવિંદ કુટીર ખાતે રહેતો ૩૦ વર્ષીય રાહુલ ભટ્ટ, ... કંપનીમાં નોકરી કરી બે સંતાન સહિત પત્નીનું ગુજરાન ચલાવતો હતો. શુક્રવારે રાહુલ રિંગરોડ રઘુકુળ માર્કેટ પાસે પોતાના કામ અર્થે ગયો હતો જ્યાંથી તે મોડીરાતે બાઈક લઈને ઘરે જવા નીકળ્યો હતો. રાહુલ ઉધના વિસ્તારના ભીડભંજન ચારરસ્તા પાસેથી બાઈક લઈને જતો હતો તે દરમિયાન સ્ટેયરિંગ પર કાબૂ ગુમાવતા ટ્રેલર સાથે અથડાયો હતો. અકસ્માત ગંભીર ઈજાગ્રસ્ત રાહુલને નવી સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડાયો હતો. જ્યાં સારવાર મળે તે પહેલાં જ રાહુલનું મોત નીપજ્યું હતું. પાંડેસરા પોલીસે અકસ્માત મોતની નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# વરાછામાં ચોથા માળેથી પટકાતા બાળકનું મોત

સુરત, તા.૦૬

વરાછાના ઘનશ્યામનગર ખાતે રમત-રમતમાં ચોથા માળે ગેલેરીમાંથી પટકાયેલા ૩ વર્ષીય બાળકનું મોત થયું હતું.

પ્રાપ્ત વિગત મુજબ મૂળ મધ્યપ્રદેશના વતની જિતેન્દ્ર જાધવ વરાછા વિસ્તારમાં આવેલ ઘનશ્યામ નગર ખાતે ભાડુઆત તરીકે રહે છે અને કાપડ કારખાનામાં નોકરી કરી પત્ની અને બે બાળકોનું ગુજરાન ચલાવે છે. શુક્રવારે સવારે તેમનો નાનો પુત્ર વિનય ઉંમર વર્ષ ૩ ઘરની ગેલેરીમાં રમતો હતો ત્યારે અકસ્માતે ચોથા માળેથી નીચે પટકાયો હતો. જેને ગંભીર ઈજા સાથે તાત્કાલિક સારવાર માટે સ્મિમેર હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવ્યો હતો. જ્યાં તબીબોએ તેને તપાસી મૃત જાહેર કર્યો હતો. પોલીસે અકસ્માત મોતની જાણવા જોગ ફરિયાદ લઈ વધુ તપાસ હાથ ધરી છે.

(તસવીર : મીતેશ બંગડીવાલા)




...યુવાનો દ્વારા તૈયાર કરાયેલી ફિલ્મ 'ડિઝાયર'નું પ્રિમીયર રજૂ કરાયું હતું.

# ફૂલપાડા ગામતળને આયોજનબધ્ધ ડેવલોપ કરવા નગરસેવક દિનેશ કાછડિયાની રજૂઆત

### ઉત્કલનગર રેલવે ઓવરબ્રિજ ઉતરતા ફૂલપાડા તરફ જતા રસ્તાની સુવિધા યોગ્ય રીતે પૂર્ણ કરવા અંગે મનપા કમિશનરને લેખિતમાં રજૂઆત કરાઈ

સુરત, તા.૦૬

ઉત્કલનગર રેલવે ઓવરબ્રિજ ઉતરતા ફૂલપાડા તરફ જતા રસ્તાની સુવિધા યોગ્ય રીતે પૂર્ણ કરવા અને ફૂલપાડા ગામતળને ડેવલોપ કરવા માટે રજૂઆત કરવામાં આવી હતી. ... કરીને ઉતરીએ ત્યારે ટ્રાફિકની સમસ્યા છે જેથી રસ્તાની સુવિધા યોગ્ય રીતે પૂર્ણ કરવા રજૂઆત કરવામાં આવી હતી.

ફૂલપાડા ગામતળ એક આવીર્ચન સ્મશાન ભૂમિ એટલે કે ... ગામતળને ડેવલોપ માટે મનપા તંત્રમાં ઉદાસીનતા જોવા મળી છે. બજેટમાં ખૂબ જ નજીવી રકમ ફૂલપાડા ગામતળ માટે ફાળવવામાં આવી છે.

આ સંદર્ભે કોંગ્રેસી મનપા...

Scanned by CamScanner


# फिल्म डिजायर आज से यू-ट्यूब पर



सूरत. अठवालाइंस के कॉमर्स कॉलेज में अध्ययन करने वाले 18 वर्षीय छात्र मोनाक्ष कानीरकरे द्वारा सामाजिक संदेश पर आधारित बनाई गई फिल्म डिजायर रविवार से यू-ट्यूब पर देखी जाएगी। इससे पहले मोनाक्ष 16 साल की उम्र में द राइजिंग सन नाम की शॉर्ट फिल्म बना चुका है।

Scanned by CamScanner

# કૉલેજીયન વિદ્યાર્થીએ સોશીયલ મેસેજ પર આધારીત શોર્ટ ફિલ્મ બનાવી



કે.પી.કોમર્સ કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી મોનાક્ષ એન.કાનીરકરે સોશીયલ મેસેજ પર આધારિત ગુજરાતી શોર્ટ ફિલ્મ ડિઝાયર બનાવી છે. આ વિદ્યાર્થીએ અગાઉ ૧૬ વર્ષની ઉંમરે પણ એક શાર્ટ ફિલ્મ બનાવી હતી. આ ફિલ્મ અંગે મોનાક્ષે જણાવ્યુ હતુ કે આ ફિલ્મ બોલીવુડની કક્ષાને સ્પર્શ કરતી હોય તેવો અહેસાસ કરાવે છે. આ ફિલ્મ ઝીરો બજેટ છે. અને તેના ફિલ્મના દ્રશ્યો સુરતમાં જ લેવાયા છે. સૌથી મહત્વની વાત એ છે કે હેરી પોટર ફિલ્મના મ્યુઝિશીયન અને ઇટલીના મ્યુઝિશીયને પોતાના સાઉન્ડ ટ્રેક આ ફિલ્મમાં ઉપયોગ કરવા મંજુરી આપી છે.

Scanned by CamScanner